Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
સુરત ૧૦૫, દેવાશીષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, SVNIT સામે, ઈચ્છાનાથ, સુરત-૩૯૫૦૦૭. Mo : 75748 61851
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ નોમ બુધવાર ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૫
પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ટેરિફ ગેરકાયદે ઠરતા અનેક કંપનીઓ રિફંડ માટે લાઈનમાં

**ફેડએક્સ,** કોસ્ટકો, રેવલોન જેવી મોટી કંપનીઓ સહિત અનેક અમેરિકન કંપની તેમણે ચુકવેલા ટેરિફના નાણા પાછા માગી રહી છે

**નેશનલ** રિટેલ ફેડરેશને રિફંડની પ્રક્રિયામાં મદદ કરવા અદાલતને વિનંતી કરી

**ન્યૂયોર્ક, 24 (AP):** ફેડએક્સ એ અમેરિકી સરકાર સામે દાવો માંડીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગત વર્ષે લાદવામાં આવેલા ટેરિફ પેટે ચૂકવેલી રકમનું સંપૂર્ણ રિફંડ માંગ્યું છે. સુપ્રીમ કોર્ટે આ ટેરિફને ગેરકાયદેસર ઠેરવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

ફેડએક્સ દ્વારા 'યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ'માં કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે, આ ટેરિફ ચૂકવવાને કારણે કંપનીને નુકસાન થયું છે અને કોર્ટ પાસેથી માંગવામાં આવેલી રાહત તે નુકસાનની ભરપાઈ કરશે. કોસ્ટકો અને રેવલોન જેવી મોટી અમેરિકન કંપનીઓ સહિત અન્ય સંસ્થાઓએ પણ આ ગેરકાયદેસર ટેરિફના નાણાં પાછા મેળવવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે.

નેશનલ રિટેલ ફેડરેશન દ્વારા શુક્રવારે એક નિવેદનમાં જણાવાયું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાએ યુએસ વ્યવસાયો અને ઉત્પાદકો માટે નિશ્ચિતતા પૂરી પાડી છે. સંસ્થાએ કહ્યું કે, અમે નીચલી અદાલતને વિનંતી કરીએ છીએ કે તે અમેરિકન આયાતકારોને ટેરિફ પરત કરવાની પ્રક્રિયા સરળ બનાવે. આ રિફંડ આર્થિક પ્રોત્સાહન તરીકે કામ કરશે અને કંપનીઓને તેમના વ્યવસાય, કર્મચારીઓ અને ગ્રાહકોમાં ફરીથી રોકાણ કરવાની મંજૂરી આપશે. અદાલતના ચુકાદામાં જાણવા મળ્યું

...અનુસંધાન પાના 11 પર

## ટ્રમ્પ ટેરિફ પર સુપ્રીમના ચુકાદાથી વેપાર અંધાધૂંધીનો અંત આવે તેવી શક્યતા નહીંવત

**વોશિંગ્ટન.** રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી વ્યાપક ટેરિફ (આયાત જકાત) પર સુપ્રીમ કોર્ટના આકરા પ્રહારનો અર્થ એ છે કે હવે તેઓ પોતાની મરજી મુજબ આયાત પર નવા વેરા લાદી શકશે નહીં. પરંતુ શુક્રવારે આવેલા જસ્ટિસના આ ચુકાદાથી ટ્રમ્પની વેપાર નીતિ અંગેની તે અનિશ્ચિતતા ઓછી થાય તેવી શક્યતા નથી, જેના કારણે છેલ્લા એક વર્ષથી વ્યવસાયો ઠપ થઈ ગયા છે. ટ્રેડ લોયર, કિંગ એન્ડ સ્પાલડિંગના પાર્ટનર અને ભૂતપૂર્વ યુએસ ટ્રેડ ઓફિશિયલ રાયન મેજેરસે જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિ માટે પરિસ્થિતિ હવે વધુ જટિલ બની ગઈ છે. હજુ પણ અનેક મૂંઝવતા પ્રશ્નો બાકી છે:

**ચુકાદા પછી તરત જ ટ્રમ્પે નવો દસ ટકા ટેરિફ લાદ્યો અને પછી વધારીને ૧૫ ટકા કર્યો તેથી સ્થિતિ વધુ ગુંચવાઇ**

સુપ્રીમ કોર્ટે જે ટેરિફ રદ કર્યા છે તેને ફરીથી લાગુ કરવા માટે રાષ્ટ્રપતિ અન્ય કાયદાઓનો ઉપયોગ કેવી રીતે કરશે, અને શું તે પ્રયાસો કાયદેસરના પડકારો સામે ટકી શકશે? ટ્રમ્પે જે ટેરિફના જોરે અન્ય દેશો પર દબાણ લાવીને વેપાર કરારો સ્વીકારવા મજબૂર કર્યા હતા, તે કરારોનું હવે શું થશે? શું આયાતકારોએ ગયા વર્ષે ચૂકવેલા ટેરિફનું રિફંડ મેળવી શકશે, અને જો હા, તો કેવી રીતે? ત્યારબાદ ટ્રમ્પની પોતાની અનિશ્ચિતતાનો પ્રશ્ન પણ છે. સુપ્રીમ કોર્ટના પ્રતિકૂળ ચુકાદા માટે તૈયારી કરવા માટે તેમની પાસે અઠવાડિયાઓનો સમય હોવા છતાં, તેમનો પ્રતિસાદ અસ્તવ્યસ્ત હતોઃ શુક્રવારે તેમણે કહ્યું કે તેઓ અન્ય કાયદાકીય સત્તાનો ઉપયોગ કરીને આયાત પર 10% લેવી લાદશે, અને શનિવારે તેમણે તે વધારીને 15% કરી દીધી. સામાન્ય રીતે, સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ટેરિફમાં થતા ઘટાડાથી અર્થતંત્રને થોડી ગતિ મળવાની અપેક્ષા રાખી શકાય, પરંતુ ટ્રુઇસ્ટ બેંકના યુએસ ઇકોનોમિક્સ હેડ માઇક સ્કોર્ડલેસ કહે છે કે, આ નિર્ણયથી જે પણ ફાયદો મળી શકે તેમ હતો, તે અનિશ્ચિતતાને કારણે થતા નુકસાનમાં ધોવાઈ જશે.

**૨૦ ઇંચથી વધુ બરફ છવાઇ ગયો**

## અમેરિકાના પૂર્વ કાંઠે સ્નો હરિકેનમાં બેનાં મોત





**હજારો** ફ્લાઇટો રદ થતાં પ્રવાસની ભારે અંધાધૂંધી, રસ્તાઓ પર પણ બરફ, ઉત્તરપૂર્વમાં લાખો લોકોને અસર

**વીજ** પુરવઠો ખોરવાતા પાંચ લાખ લોકો વિજળી વિહોણા, શાળાઓમાં રજા આપી દેવાઇ

**ન્યૂયોર્ક, તા. 24:** રવિવારે રાત્રે થયેલી પ્રચંડ હિમવર્ષા એ પૂર્વીય કિનારે ૨૦ ઇંચથી વધુ બરફ બિછાવી દેતા મુસાફરીની ભારે અરાજકતા વ્યાપી ગઈ છે. સોમવારે સવારે ન્યૂયોર્ક સિટી, ફિલાડેલ્ફિયા અને બોસ્ટન તરફ આવતી અને જતી લગભગ તમામ ફ્લાઇટ્સ ગંભીર હવામાનને કારણે રદ કરવામાં આવી હતી, જ્યારે આ વિનાશક તોફાનને પગલે અનેક રાજ્યોએ કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. ઉત્તરપૂર્વીય અમેરિકામાં લાખો લોકોને આ શિયાળુ તોફાનથી અસર થઇ છે.

રવિવારથી અત્યાર સુધીમાં દેશભરમાં લગભગ ૯,૦૦૦ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આગામી દિવસો સુધી મુસાફરી પર આ તોફાનની અસર રહેવાની શક્યતા છે. ન્યૂયોર્કના જેએફકે (JFK) અને લાગાર્ડિયા, ન્યૂ જર્સીના નેવાર્ક, ફિલાડેલ્ફિયા અને વોશિંગ્ટન ડીસીના રીગન એરપોર્ટ પર સૌથી વધુ વિક્ષેપ જોવા મળી રહ્યો છે. આ 'સ્નો હરિકેન' પૂર્વીય કિનારે ત્રાટકતા બે લોકોના મોત થયા છે અને પાંચ લાખ લોકો વીજળી વગરના થઈ ગયા છે. ન્યૂયોર્કના લોન્ગ આઇલેન્ડમાં બરફના થર ૨૦ ઈંચથી વધુ પહોંચી ગયા છે, જ્યારે સોમવારે સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં સેન્ટ્રલ પાર્કમાં ૧૫ ઈંચ અને ન્યૂ જર્સીના નેવાર્કમાં ૧૮ ઈંચ બરફ નોંધાયો હતો. દર કલાકે બે થી ત્રણ ઈંચ બરફ પડવાની આગાહી સાથે, આ હિમવર્ષા ઐતિહાસિક સ્તરે પહોંચી શકે છે. અગાઉ ૨૨-૨૪ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સેન્ટ્રલ પાર્કમાં ૨૭.૫ ઈંચનો રેકોર્ડ નોંધાયો હતો. શહેરના અન્ય ઐતિહાસિક આંકડાઓમાં ૨૦૦૬માં ૨૬.૯ ઈંચ, ૧૯૪૭માં ૨૬.૪ ઈંચ અને ૧૮૮૮માં ૨૧ ઈંચ બરફનો સમાવેશ થાય છે. કેટલાય વિસ્તારોમાં સ્નો છવાઇ ગયો છે પરિણામે માર્ગ વાહનવ્યવહારને પણ અસર થઇ છે. કેટલાક વિસ્તારોમાં શાળાઓમાં રજા આપી દેવાઇ છે.

## દિલ્હી ડાયરી



### નાણામંત્રી નિર્મલા સીતારમણની સાડી પર વિવાદ

કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણ જે સાડીઓ પહેરે છે, તેના પર આવતા વાર્ષિક અહેવાલો (ન્યૂઝ રિપોર્ટ્સ) સામે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ તેમના આ દાવા પર તથ્યો સાથે વળતો જવાબ આપ્યો હતો. સીતારમણે અહેવાલો પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, ' 'મને નથી લાગતું કે આવી ટિપ્પણીઓ સામાન્ય રીતે ખરાબ ઈરાદા સાથે કરવામાં આવતી હોય છે, પરંતુ ક્યારેક છુપાયેલા પૂર્વગ્રહો સપાટી પર આવી જાય છે. હું મારો પોતાનો અનુભવ શેર કરીશ. દર વર્ષે, આ મારી આસપાસનો એક વિષય બની જાય છે, લોકો પૂછે છે કે 'બજેટના દિવસે તમે શું પહેરવાના છો?''' આ બાબતને અહીં જ ન છોડતાં ચતુર્વેદીએ એક્સ પર એક મહિલા પત્રકાર દ્વારા નાણામંત્રીની સાડીઓ પર કરવામાં આવેલી ટ્વીટ્સની શ્રેણી શેર કરીને જવાબ આપ્યો હતો. તેણીએ લખ્યું: "બજેટ એટલું ફિક્કું હતું કે હવે સાડીની આગાહી પર પૂર્વગ્રહ અને લિંગ (જેન્ડર)ને મુદ્દો બનાવવામાં આવી રહ્યા છે... કદાચ નાણામંત્રીએ દર વર્ષે બજેટ રજૂ કરતા પહેલા સાડીની વિગતો - તે કયા રાજ્યમાં વણાયેલી છે, તેનો રંગ અને કાપડ - જાહેર કરવા બદલ તેમની ઓફિસને ઠપકો આપવો જોઈએ." તે ખૂબ

...અનુસંધાન પાના 11 પર

## ઈરાન ચીન પાસેથી CM-302 એન્ટી-શિપ મિસાઈલો ખરીદવાની તૈયારીમાં

**જો કે** આ સોદા અંગેની કોઇ ચોક્કસ વિગતો હજી સુધી બહાર આવી નથી

**ઇરાન** પાસે આ CM-302 મિસાઇલો આવી જાય તો અખાતી પ્રદેશમાં અમેરિકી નૌકાદળ માટે મોટો ભય ઉભો થાય



**લંડન, તા. 24 (રોઇટર્સ):** ઈરાન ચીન સાથે એન્ટી-શિપ ક્રૂઝ મિસાઈલ ખરીદવા માટે સમજૂતી કરવાની તૈયારીમાં છે. આ વાટાઘાટોની જાણકારી ધરાવતા છ લોકોના જણાવ્યા અનુસાર, આ સોદો એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકા ઈસ્લામિક રિપબ્લિક પર સંભવિત હુમલાઓ પહેલા ઈરાની દરિયાકાંઠા પાસે વિશાળ તૈનાતી કરી રહ્યું છે.

ચીન નિર્મિત CM-302 મિસાઈલો માટેનો સોદો પૂર્ણ થવાના આરે છે, જો કે ડિલિવરી માટેની કોઈ તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. આ મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે ચીન સાથેની વાટાઘાટો ઓછામાં ઓછા બે વર્ષ પહેલાં શરૂ થઈ હતી. છ જાણકાર વ્યક્તિઓના જણાવ્યા મુજબ, જૂનમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના ૧૨-દિવસીય યુદ્ધ પછી આ વાતચીતમાં ભારે તેજી આવી છે. આ માહિતી આપનારાઓમાં ત્રણ એવા અધિકારીઓ પણ

...અનુસંધાન પાના 11 પર

**સુપરસોનિક CM-302 મિસાઈલોને આંતરવી ખૂબ મુશ્કેલ છે: ઇરાનની પ્રહાર ક્ષમતામાં મોટો વધારો થઇ શકે**

આ સુપરસોનિક CM-302 મિસાઈલોની રેન્જ આશરે ૨૯૦ કિલોમીટર છે અને તે નીચી ઊંચાઈએ અત્યંત ઝડપથી ઉડીને જહાજોની સંરક્ષણ પ્રણાલીને છેતરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. બે હથિયાર નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ મિસાઈલોની તૈનાતીથી ઈરાનની પ્રહાર ક્ષમતામાં

...અનુસંધાન પાના 11 પર

## 14 વર્ષની છોકરીઓને સર્વાઈકલ કેન્સર વિરોધી રસી મફત અપાશે

**સિંગલ** ડોઝની આ રસી એચપીવી ટાઈપ 16 અને 18 સામે રક્ષણ આપે છે, જે સર્વાઇકલ કેન્સર માટે જવાબદાર છે

**ભારતમાં** મહિલાઓમાં સર્વાઇકલ કેન્સર એ બીજું સૌથી સામાન્ય કેન્સર છે, જેમાં દર વર્ષે લગભગ 80000 નવા કેસો નોંધાય છે

**નવી દિલ્હી, તા. 24 (PTI):** મહિલાઓમાં રોકવા યોગ્ય કેન્સરને નાબૂદ કરવાની દિશામાં એક મોટું પગલું ભરતા, કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં 14 વર્ષની છોકરીઓ માટે રાષ્ટ્રવ્યાપી હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) રસીકરણ કાર્યક્રમ શરૂ કરશે.

આ રસીકરણ ઝુંબેશ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ નહીં, પરંતુ એક વિશેષ અભિયાન તરીકે ચલાવવામાં આવશે, જે વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)ની ભલામણોને અનુરૂપ છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં સિંગલ-ડોઝ રસીનો ઉપયોગ કરવામાં આવશે. આ રસી એચપીવી પ્રકાર 16 અને 18 સામે રક્ષણ આપે છે, જે સર્વાઈકલ કેન્સર માટે જવાબદાર છે. વૈજ્ઞાનિક પુરાવાઓ પુષ્ટિ કરે છે કે ભલામણ કરેલ વય જૂથમાં રસીનો એક જ ડોઝ મજબૂત અને લાંબા ગાળાનું રક્ષણ પૂરું પાડે છે. ખુલ્લા બજારમાં 'ગાર્ડાસિલ-4' રસીના બે થી ત્રણ ડોઝની જરૂર પડે છે અને તેની કિંમત આશરે 3927 પ્રતિ ડોઝ હોય છે, પરંતુ સરકારી કાર્યક્રમ હેઠળ આ રસીકરણ સંપૂર્ણપણે સ્વૈચ્છિક અને મફત હશે.

ભારતમાં મહિલાઓમાં સર્વાઈકલ કેન્સર એ બીજું સૌથી સામાન્ય કેન્સર છે, જેમાં દર વર્ષે લગભગ 80000 નવા કેસો અને 42000થી વધુ મૃત્યુ નોંધાય છે.

આ રસીકરણ ઝુંબેશ આયુષ્માન આરોગ્ય મંદિરો (પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો) જેવા નિયુક્ત સરકારી આરોગ્ય કેન્દ્રો પર હાથ ધરવામાં આવશે. તમામ રસીકરણ કેન્દ્રો 24/7 સરકારી હોસ્પિટલો સાથે જોડાયેલા

...અનુસંધાન પાના 11 પર

## સ્થિતિ સ્પષ્ટ થશે કે તરત અમેરિકા સાથે વેપાર મંત્રણા શરૂ થશેઃ ગોયલ

**અમેરિકી** સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફ રદ કર્યા તે પછીના સંજોગોમાં મંત્રણા અટકાવી દેવાઇ હતી

**નવી દિલ્હી, 24 (PTI):** વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે જણાવ્યું હતું કે, અમેરિકામાં ટેરિફના મોરચે જેવી વધુ સ્પષ્ટતા આવશે કે તરત જ ભારત વેપાર મંત્રણા ફરી શરૂ કરશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ભારત અમેરિકા સાથે વેપાર વાટાઘાટો કેટલી જલ્દી શરૂ કરશે, ત્યારે તેમણે કહ્યું કે, જેવી સ્થિતિમાં વધુ સ્પષ્ટતા આવશે કે તરત જ.

ભારત અને અમેરિકાએ ૨૨ ફેબ્રુઆરીએ વચગાળાના વેપાર કરારના લખાણને અંતિમ સ્વરૂપ આપવા માટે આ અઠવાડિયે વોશિંગ્ટનમાં યોજાનારી તેમના મુખ્ય વાટાઘાટકારોની સૂચિત બેઠકને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો હતો. ભારતીય ટીમ ૨૩ ફેબ્રુઆરીથી અમેરિકામાં ત્રણ દિવસીય બેઠક શરૂ કરવાની હતી.

...અનુસંધાન પાના 11 પર

## દસમાંથી છ અમેરિકનો માને છે કે વધતી ઉંમર સાથે ટ્રમ્પ અચોક્કસ બન્યા છેઃ સર્વે

**આવુ** માનનારાઓમાં ટ્રમ્પના રિપબ્લિકન પક્ષના પણ એક નોંધપાત્ર વર્ગનો સમાવેશ

**વોશિંગ્ટન, 24: રોઇટર્સ/**ઈપ્સોસના નવા સર્વે અનુસાર, રિપબ્લિકન પક્ષના એક નોંધપાત્ર વર્ગ સહિત દસમાંથી છ અમેરિકનો એવું માને છે કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વર્તન તેમની વધતી ઉંમર સાથે અચોક્કસ બન્યું છે.

છ દિવસ સુધી ચાલેલો આ સર્વે સોમવારે પૂર્ણ થયો હતો. તેના બીજા જ દિવસે 79 વર્ષીય પ્રમુખ કોંગ્રેસમાં પોતાનું વાર્ષિક 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધન આપવાના છે,

...અનુસંધાન પાના 11 પર

**32% અમેરિકનો માને છે કે ટ્રમ્પની પ્રાથમિકતાઓ યોગ્ય છે : સીએનએન સર્વે**

બીજી તરફ, CNN ના નવા સર્વે મુજબ, 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધન પહેલા ટ્રમ્પની લોકપ્રિયતામાં ઘટાડો જોવા મળ્યો છે. પોલિંગ ફર્મ SSRS દ્વારા કરવામાં આવેલા આ સર્વેમાં અપક્ષો વચ્ચે તેમનું રેટિંગ 26% ના નવા નીચલા સ્તરે પહોંચ્યું છે. સર્વેના તારણો મુજબ, માત્ર 32% અમેરિકનો માને છે કે ટ્રમ્પની પ્રાથમિકતાઓ યોગ્ય છે, જ્યારે 36% લોકોએ તેમની કામગીરીને મંજૂરી આપી છે અને 61%

...અનુસંધાન પાના 11 પર

## ટ્રાઈ દ્વારા ઉપલબ્ધ તમામ સ્પેક્ટ્રમના વેચાણની ભલામણ

**નવા** ખેલાડીઓના પ્રવેશના અવરોધ ઘટાડવા 35 ટકા કેપનો પ્રસ્તાવ પણ મૂકાયો

**નવી દિલ્હી, તા. 24 (PTI).** ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)એ મંગળવારે ઉપલબ્ધ તમામ રેડિયોવેવ સ્પેક્ટ્રમની હરાજી કરવાની ભલામણ કરી છે, સાથે જ નવા ખેલાડીઓ માટે પ્રવેશના અવરોધો ઘટાડવા અને ટેલિકોમ ક્ષેત્રમાં સ્પર્ધા જાળવી રાખવા માટે સમાન 35 ટકા સ્પેક્ટ્રમ કેપનો પ્રસ્તાવ મૂક્યો છે.

જોકે, ટ્રાઈએ સત્તાવાર રીતે ઓફર પરના સમગ્ર સ્પેક્ટ્રમની સંયુક્ત બેઝ પ્રાઈસ જાહેર કરી નથી, પરંતુ ઉદ્યોગની ગણતરી મુજબ, જો તમામ બેન્ડમાં (600 એમએચઝેડ સિવાય) ઓફર કરાયેલ તમામ સ્પેક્ટ્રમ વેચાય છે તો રેડિયોવેવ્સ રિઝર્વ પ્રાઈસ પર આશરે રૂ. 81,000 કરોડ મેળવી શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (ડીઓટી)ને નાદારીની પ્રક્રિયામાંથી પસાર થઈ

...અનુસંધાન પાના 11 પર

## હોળી ટાણે હવાઇભાડામાં મોટો ઉછાળો : કેટલાક રૂટ પર તો 185 ટકા સુધીનો વધારો

**ટ્રેનોના** રિઝર્વેશન ફૂલ થઇ ગયા છે અને વતન જવા માટે લોકોનો ભારે ધસારો હોવાથી વિમાન ભાડામાં પણ જંગી વધારો

**નવી દિલ્હી, તા. 24:** હોળીનો તહેવાર નજીક આવતાની સાથે જ, ટિકિટોની માંગમાં થયેલા વધારાને કારણે મુખ્ય સ્થાનિક રૂટ પર વિમાન ભાડામાં તોતિંગ ઉછાળો આવ્યો છે. નવી દિલ્હી અને બેંગલુરુથી ગોરખપુર અને પટના જવાના રૂટ પર ટિકિટના ભાવમાં 185% સુધીનો વધારો થયો છે. કેટલાક સેક્ટરમાં, હોળી પહેલાના સપ્તાહમાં વન-વે ભાડું રૂ. 20,000 ની નજીક પહોંચી રહ્યું છે.

હોળીના થોડા દિવસો પહેલા, જ્યારે પરિવારો અને સ્થળાંતર કરનારા લોકો તહેવાર ઉજવવા ઘરે જવા માટે ફ્લાઈટ્સ શોધી રહ્યા છે, ત્યારે ટિકિટના ભાવ તેમના ખિસ્સા પર ભારે પડી રહ્યા છે. 28 ફેબ્રુઆરી (શનિવાર)ની આસપાસના પ્રવાસ માટે ઘણા મુખ્ય રૂટ પર ભાડામાં તીવ્ર વધારો થયો છે. લોકોનું કહેવું છે કે ટ્રેનો ઓવર-બુક છે અને ઘણી ટ્રેનોમાં રિઝર્વેશન લેવાનું પણ બંધ કરી દેવામાં આવ્યું છે. વિમાન ભાડામાં એટલો મોટો વધારો થયો છે કે કેટલાક સેક્ટરમાં ટિકિટના ભાવ માર્ચના અંતની સરખામણીમાં (જ્યારે હોળી પૂરી થઈ ગઈ હોય) 185% સુધી વધી ગયા છે. તહેવારો દરમિયાન વિમાન ભાડામાં થતો આ વધારો છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત બની ગયો છે. સોમવારે સુપ્રીમ કોર્ટે પણ ટિકિટના ભાવમાં થયેલા આ તીવ્ર વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આ મુદ્દાને

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૪-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૬° સે. | ૨૦.૪° સે. | ૨૭% |